દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું યુટી એડમિનિસ્ટ્રેશન
દીવ મ્યુનિસિપલ કાઉન્સિલ, દીવ
ફોર્ટ રોડ, દીવ-૩૬૨૫૨૦
ઇમેઇલ: dmc-diu-dd@nic.in **ફોન:** (02875) 252126 **મો:** +91 9099910215

નં. ૪૮-૧-૨૦૨૬-૨૭/જીએસ/ ૯૪૮ તારીખ: ૦૩/૧૧/૨૦૨૬

જાહેર સૂચના

વિષય: દીવ મ્યુનિસિપલ વિસ્તારમાં કચરાના યોગ્ય નિકાલ, કચરાનું વર્ગીકરણ તથા સ્વચ્છતા જાળવવા અંગે જાહેર અપીલ.

દીવ મ્યુનિસિપલ કાઉન્સિલ, દીવ દ્વારા ઘરેથી કચરો એકત્રિત કરવાની વ્યવસ્થામાં સહકાર આપવા તથા ભીનો અને સૂકો કચરો અલગ-અલગ કરીને નિયત કલેક્શન વાહનમાં આપવા બદલ તમામ નાગરિકોના સહકારની સરાહના કરવામાં આવે છે. મ્યુનિસિપલ વિસ્તારમાં સ્વચ્છતા, જાહેર આરોગ્ય અને સુખાકારી જાળવવા માટે નાગરિકોનો સક્રિય સહકાર અત્યંત આવશ્યક છે.

આથી, દીવ મ્યુનિસિપલ વિસ્તારના તમામ નાગરિકો, વેપારી સંસ્થાઓ, પ્રવાસીઓ તથા મુલાકાતીઓને નીચેની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવે છે:

1. તમામ નાગરિકોએ પોતાનો દૈનિક કચરો માત્ર ઘરેથી કચરો એકત્રિત કરવા આવતા નિયત કલેક્શન વાહનમાં જ આપવો. કલેક્શન વાહન દરેક વિસ્તારમાં દિવસમાં બે વખત આવશે.
2. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, 2026 મુજબ તમામ નાગરિકો તથા વેપારી સંસ્થાઓએ પોતાના સ્થળે જ કચરાનું નીચે મુજબ ચાર અલગ-અલગ પ્રકારમાં વર્ગીકરણ કરી નિયત કલેક્શન વાહનમાં અલગ-અલગ આપવાનું રહેશે:
    - ભીનો કચરો (Wet Waste): શાકભાજી અને ફળોની છાલ, વધેલો ખોરાક, રસોડાનો કચરો, માંસ, ફૂલો તથા અન્ય જૈવિક રીતે નાશ પામે તેવો કચરો.
    - સૂકો કચરો (Dry Waste): કાગળ, પૂંઠું, પ્લાસ્ટિક, લાકડું, રબર તથા અન્ય રિસાયકલ કરી શકાય તેવો અથવા બિનજૈવિક સૂકો કચરો.
    - સેનિટરી કચરો (Sanitary Waste): વપરાયેલ ડાયપર, સેનિટરી પેડ, નેપકિન, ટેમ્પોન તથા આ પ્રકારનો અન્ય કચરો. આ કચરાને અલગથી આપતાં પહેલાં યોગ્ય રીતે લપેટીને સુરક્ષિત રાખવો.
    - વિશેષ કાળજીનો કચરો (Special Care Waste): સમયમર્યાદા પૂર્ણ થયેલી દવાઓ, બેટરી, ધાતુ, કાચ, વપરાયેલ CFL બલ્બ, ફ્લોરોસન્ટ ટ્યુબ, પેઇન્ટના ડબ્બા, મર્ક્યુરી થર્મોમીટર તથા આ પ્રકારનો અન્ય ઘરેલું જોખમી કચરો.
3. જો કોઈ કારણસર નિયત સમયે કચરા કલેક્શન વાહન સંબંધિત વિસ્તારમાં ન આવે, તો નીચે દર્શાવેલ વેસ્ટ કલેક્શન સુપરવાઇઝરના સંપર્ક નંબર પર અથવા નીચે આપેલ QR કોડ દ્વારા વોટ્સએપ ફરિયાદ ગ્રુપમાં જોડાઈ ફરિયાદ નોંધાવી શકાશે.
4. તમામ નાગરિકો અને વેપારી સંસ્થાઓને જાહેર સ્થળો, રસ્તાની બાજુમાં, દરિયાકિનારે, ખુલ્લી જગ્યાઓ, ગટરો અથવા અન્ય કોઈપણ અનધિકૃત સ્થળે કચરો ન નાખવા કડક અપીલ કરવામાં આવે છે.

5. દીવની મુલાકાતે આવતા તમામ પ્રવાસીઓ તથા મુલાકાતીઓને પણ દરિયાકિનારા, પ્રવાસન સ્થળો, રસ્તાઓ તથા અન્ય જાહેર સ્થળોએ ગંદકી ન ફેલાવવા અને કચરાના યોગ્ય નિકાલ માટે જાહેર સ્થળોએ મૂકવામાં આવેલ ડસ્ટબિનનો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવે છે.

જાહેર સ્થળોએ કચરો નાખતા અથવા ગંદકી ફેલાવતા કોઈપણ વ્યક્તિ સામે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ તથા અન્ય લાગુ પડતી જોગવાઈઓ અનુસાર રૂ. 100/- થી રૂ. 1,00,000/- સુધીનો દંડ વસૂલવા સહિતની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

આથી, દીવ મ્યુનિસિપલ વિસ્તારના તમામ નાગરિકો, વેપારી સંસ્થાઓ તથા પ્રવાસીઓને દીવની સ્વચ્છતા અને સુંદરતા જાળવવા માટે સહકાર આપવા તથા ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરવામાં આવે છે.

દીવને સ્વચ્છ અને સુંદર રાખવા આપનો સહકાર અનિવાર્ય છે.

(ડી. આર. દમણિયા)
મુખ્ય અધિકારી
દીવ મ્યુનિસિપલ કાઉન્સિલ, દીવ

પ્રતિ:

1. સચિવ (શહેરી વિકાસ), DNH અને DD — જાણ માટે
2. કલેક્ટર, દીવ — જાણ માટે
3. પ્રમુખશ્રી, દીવ મ્યુનિસિપલ કાઉન્સિલ, દીવ — જાણ માટે
4. તમામ કાઉન્સિલરો, દીવ મ્યુનિસિપલ કાઉન્સિલ, દીવ — જાણ માટે
5. ડીઆઈઓ, એનઆઈસી, દીવ — દીવ સરકારની વેબસાઇટ પર અપલોડ કરવા માટે
6. કાઉન્સિલના તમામ નોટિસ બોર્ડ
7. ગાર્ડ ફાઈલ

વિસ્તાર	સુપરવાઇઝરનું નામ	મોબાઈલ નં.	વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે QR કોડ
દીવ વિસ્તાર	અક્ષય વાજ	૭૯૯૦૯૩૨૮૩૫	
ઘોઘલા વિસ્તાર	યજ્ઞેશ ધાપા	૯૭૧૨૦૪૭૧૩૭	

U.T. Administration of Dadra and Nagar Haveli and Daman & Diu
Diu Municipal Council, Diu
Fort Road, Diu-362520
Email: dmc-diu-dd@nic.in **Phone:** (02875) 252126 **Mo:** +91 9099910215

No. 48-1-2026-27/GS/ 948 Dated: 03/11/2026

PUBLIC NOTICE

Sub: Public Appeal for Proper Waste Disposal, Waste Segregation and Maintaining Cleanliness in Diu Municipal Area.

The Diu Municipal Council, Diu, appreciates the cooperation extended by the citizens in supporting the door-to-door waste collection system and handing over waste to the designated collection vehicles in properly segregated manner. The active participation of citizens is essential for maintaining cleanliness, public hygiene and sanitation within the municipal limits.

In this regard, all citizens, commercial establishments, tourists and visitors are hereby requested to adhere to the following instructions:

i. All citizens of Diu Municipal area shall hand over their daily waste only to the designated door-to-door waste collection vehicles. The collection vehicles shall visit each area twice a day.

ii. All citizens and commercial establishments shall segregate their waste at source into the following four separate streams, as prescribed under the Solid Waste Management Rules, 2026, and hand over each stream separately to the designated waste collection vehicle:
   - Wet Waste: Vegetable and fruit peels, leftover food, kitchen waste, meat, flowers and other biodegradable waste.
   - Dry Waste: Paper, cardboard, plastic, wood, rubber and other recyclable or non-biodegradable dry materials.
   - Sanitary Waste: Used diapers, sanitary pads, sanitary napkins, tampons and similar waste. Such waste shall be securely wrapped before handing it over separately.
   - Special Care Waste: Expired medicines, batteries, metal, glass, used CFL bulbs, fluorescent tubes, paint containers, mercury thermometers and similar household hazardous waste.

iii. In case the waste collection vehicle does not arrive in the respective area as scheduled, the matter may immediately be reported to the concerned Waste Collection Supervisor through the contact number mentioned below or by joining the designated WhatsApp Complaint Group through the QR code provided below.

iv. Citizens and commercial establishments are strictly requested not to dump or throw garbage on roadsides, public places, beaches, open spaces, drains or any other unauthorised locations.

v. Tourists and visitors are also requested to maintain cleanliness at beaches, tourist destinations, roads and other public places and to use the dustbins provided at various public locations for proper disposal of waste.

It is hereby informed that any person found dumping garbage at unauthorised locations or littering in public places shall be liable for penal action, including a fine ranging from ₹100/- to ₹1,00,000/-, as applicable under the Solid Waste Management Rules and other applicable Municipal Regulations.

All citizens, commercial establishments and visitors are therefore requested to extend their cooperation and actively participate in maintaining the cleanliness and sanitation of Diu.

Your cooperation is essential for keeping Diu Clean and Green.

(D. R. DAMANIA)
Chief Officer,
Diu Municipal Council, Diu.

Copy to:

1. The Secretary (Urban Development), DNH & DD; for kind information.
2. The Collector, Diu; for kind information.
3. The President, Diu Municipal Council, Diu; for kind information.
4. The Vice President, Diu Municipal Council, Diu; for kind information.
5. All Councilors, Diu Municipal Council, Diu; for kind information.
6. DIO, NIC, Diu; to upload on Diu Govt. website.
7. All the Notice Boards of Council.
8. Guard File.

Area	Name of Supervisor	Mobile No.	QR Code to join WhatsApp Group
Diu Area	Akshay Vaja	7990932835	
Ghoghla Area	Yagnesh Dhapa	9712047137	